બઢતી માટેની કોમન ખાતાકીય પરીક્ષા નિયમોના ખાતાકીય પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંકઃજલક-૫૦૨૦૧૫-૩૯૬-જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૨૩/૦૯/૨૦૧૫

વંચાણે લીધાઃ
૧. સામાન્ય વહીવટ વિભાગના તા.૩૧/૦૩/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંકઃજીએસ/૨૦૧૫/૧૨-એ/ ખતપ/૧૦૨૦૧૪/૧૫૦૯/ક

આમુખઃ

સામાન્ય વહીવટ વિભાગના તા.૩૧/૦૩/૨૦૧૫ના જાહેરનામાથી ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) ખાતાકીય પરીક્ષા (સામાન્ય) નિયમો-૨૦૧૫ ઘડવામાં આવેલ છે. સદર જાહેરનામાથી દરેક વિભાગ હસ્તકની કચેરીના જુનિયર ક્લર્કની જગ્યાએથી સિનીયર ક્લર્કની જગ્યાએ અને સિનિયર ક્લર્કની જગ્યાએથી હેડ ક્લર્કની જગ્યાએ બઢતી માટેના ખાતાકીય પરીક્ષાના નિયમો તથા પ્રશ્નપત્ર-૧ થી ૪નો અભ્યાસક્રમ નિયત કરવામાં આવેલ છે. જાહેરનામાની જોગવાઇઓ અન્વયે જુનિયર ક્લર્કમાંથી સિનિયર ક્લર્કની જગ્યાએ બઢતી માટે નિમ્નસ્તરનો અભ્યાસક્રમ તથા સિનિયર ક્લર્કમાંથી હેડક્લર્કની જગ્યાએ બઢતી માટે ઉચ્ચસ્તરનો અભ્યાસક્રમ નિયત કરવામાં આવેલ છે તથા નિમ્નસ્તર અને ઉચ્ચસ્તરની પરીક્ષાઓ માટે પ્રશ્નપત્ર ૧ થી ૪નો એક સામાન્ય અભ્યાસક્રમ અલગ-અલગ વિષયવાર નિર્ધારિત કરવામાં આવેલ છે. દરેક વિભાગ હસ્તકની કચેરીઓની કામગીરીને ધ્યાને લઇ નિમ્નસ્તર અને ઉચ્ચસ્તરની પરીક્ષાઓમાં પ્રશ્નપત્ર-૫ સંબંધિત કચેરી/ખાતાની કામગીરી અને તે અંગે ઘડવામાં આવેલ એક્ટ અને નિયમો તથા તેની પ્રવૃત્તિઓને લગતું રાખવાનું થાય છે, જેમાં સંબંધિત કચેરીની ખાતાકીય કામગીરીનો સમાવેશ થાય તે જરૂરી છે.

ઠરાવઃ

આથી, ઉપર વંચાણે લીધા સામાન્ય વહીવટ વિભાગના તા.૩૧/૦૩/૨૦૧૫ના જાહેરનામાથી ઘડાયેલ ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) ખાતાકીય પરીક્ષા (સામાન્ય) નિયમો હેઠળના અપેન્ડીક્ષ-બી ના ભાગ-૧ અને ભાગ-૨ ના પ્રશ્નપત્ર-૫નો અભ્યાસક્રમ નીચે પ્રમાણે નિયત કરવામાં આવે છે.

(૧) જુનિયર ક્લર્કમાંથી સિનિયર ક્લર્કની જગ્યાએ બઢતી માટે નિમ્નસ્તર ખાતાકીય પરીક્ષા (Lower Level Departmental Exam) ના પ્રશ્નપત્ર-૫ના અભ્યાસક્રમ આ સાથે રાખેલ અપેન્ડીક્ષ-એ મુજબનો રહેશે.

(૨) સિનિયર ક્લર્કમાંથી હેડક્લર્કની જગ્યાએ બઢતી માટે ઉચ્ચસ્તર ખાતાકીય પરીક્ષા (Higher Level Departmental Exam)ના પ્રશ્નપત્ર-૫નો અભ્યાસક્રમ આ સાથે રાખેલ અપેન્ડીક્ષ-બી મુજબનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.જયશંકર ઓધવાણી)
સરકારના ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ,
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર,
- આચાર્ય, જેલ સ્ટાફ તાલીમ શાળા, અમદાવાદ,
- સર્વે જેલ અધિક્ષકશ્રી (જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી મારફતે),
- સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ,
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ,
- શાખા સિલેક્ટ ફાઇલ.

ગૃહ વિભાગના તા.૨૩/૦૯/૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃજલક/૫૦૨૦૧૫/૩૯૬/જનું સાંધણ

## અપેન્ડીક્ષ-એ

(સા.વ.વિ.ના તા.૩૧/03/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંકઃGS/2015/12-A/KTP/102014/1509/Kના નિયમ-૬ જુઓ)

જુનિયર ક્લર્કમાંથી સિનિયર ક્લર્ક સંવર્ગમાં બઢતી માટે નિમ્નસ્તર ખાતાકીય પરીક્ષા

પ્રશ્નપત્રઃ૫, ગુણ-૧૦૦, સમયાવધિઃ ૨ કલાક

(૧) મુંબઇ જેલ મેન્યુઅલ, ૧૯૫૫

(૨) મુંબઇ સબ જેલ મેન્યુઅલ

(૩) મુંબઇ જેલ એકાઉન્ટ મેન્યુઅલ

## અપેન્ડીક્ષ-બી

(સા.વ.વિ.ના તા.૩૧/03/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંકઃGS/2015/12-A/KTP/102014/1509/Kના નિયમ-૬ જુઓ)

સિનિયર ક્લર્કમાંથી હેડ ક્લર્ક સંવર્ગમાં બઢતી માટે ઉચ્ચસ્તર ખાતાકીય પરીક્ષા

પ્રશ્નપત્રઃ૫, ગુણ-૧૦૦, સમયાવધિઃ ૨ કલાક

(૧) મુંબઇ જેલ મેન્યુઅલ, ૧૯૫૫

(૨) મુંબઇ સબ જેલ મેન્યુઅલ

(૩) મુંબઇ જેલ એકાઉન્ટ મેન્યુઅલ

(૪) ધી પ્રિઝન્સ એક્ટ, ૧૮૯૪ (એક્ટ **IX** ઓફ ૧૮૯૪)

(૫) ધી પ્રિઝનર્સ એક્ટ, ૧૯૦૦ (એક્ટ ૩ ઓફ ૧૯૦૦)

(૬) ધી ક્રિમીનીલ પ્રોસીજર કોડ